## ચૂંટણી ચોતરેથી

● અમદાવાદના બાપુનગર વિસ્તારમાં હાર્દિક પટેલના રોડ શૉ દરમ્યાન ભાજપના કાર્યકર્તાઓ અને પાસના કાર્યકર્તાઓ સામસામે આવી જતા પથ્થરમારો થયો હતો. પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે.

● ગુજરાત ચૂંટણી અંગે પાકિસ્તાનનું નિવેદન 'અમને ગુજરાતની ચૂંટણીમાં વચ્ચે ન લાવો.'

● પૂર્વ પીએમ મનમોહનસિંહે પત્ર લખી પીએમ મોદીને આકરા શબ્દોમાં કહ્યું કે 'રાષ્ટ્રવાદ પર અમને ભાષણ ન આપો, મે દેશની ઘણી સેવા કરી છે.'

● 'કોઈ વિસ્તાર કોઈનો ગઢ નથી' એમ કહી હાર્દિક પટેલે આનંદીબેન પટેલના મતવિસ્તારમાં રોડ શૉ કર્યો હતો.

● પ્રધાનમંત્રી મોદી આવતીકાલે સાડા નવ વાગે ઓડીયો બ્રીજના માધ્યમથી ઓબીસી કાર્યકરો સાથે વાર્તાલાપ કરશે.

● આજે દહેગામમાં જાણીતા ફિલ્મી કલાકાર અને કોંગ્રેસી અગ્રણી રાજ બબ્બરના નેતૃત્વમાં રેલી યોજાશે.

● ભાજપના નેતા અને અભિનેતા શત્રુઘ્ન સિંહાએ નરેન્દ્ર મોદી પર નિશાન તાકતા કહ્યુ હતુ કે ગુજરાતની ચૂંટણીમાં પાકિસ્તાનને શુ કામ વચ્ચે લાવો છો ?

● વિસનગરમાં ભાજપની જાહેરસભામાં પાટીદાર મહિલાઓ થાળી-વેલણ લઈ પહોંચતા હોબાળો સર્જાયો હતો.

● નીકોલની જાહેરસભામાં ઈન્દ્રવિજયસિંહે પરેશ ધાનાણી ગુજરાતનું ભવિષ્ય છે એમ કહી જય સરદાર, જય પાટીદાર'ના નારા લગાવ્યા હતા.

● જીગ્નેશ મેવાણીએ અમિત શાહના આક્ષેપોને પડકાર્યા હતા.

# પાટણના લણવા ગામે હાર્દિક પટેલની મહાક્રાંતિ સભામાં હજારો ઉમટ્યા



પાટણ, તા. ૧૧

હાર્દિક પટેલની મહેસાણા અને પાટણ જિલ્લાની હદ પર આવેલ લણવા ગામમાં જંગી જનમેદની વચ્ચે મહાસભા યોજાઈ હતી. આ જનસભામાં લાખો લોકો હાજર રહ્યાં હતા. હાર્દિક પટેલે ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા અને ભાજપને હરાવવા માટે હાકલ કરી હતી.

હાર્દિક પટેલે જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લામાં મને બે વર્ષથી પ્રવેશ કરવા દેતાં નથી પણ આજે મહેસાણા અને પાટણ જિલ્લાની હદ વચ્ચે આવેલા લણવા ગામ ખાતે મહાક્રાંતિ સભામાં પધારેલા એક લાખથી વધુ લોકોએ ભાજપને હરાવવા અને બાકી રહેલુ કામ પુરૂ કરવા માટે નિશ્ચય કર્યો. હાર્દિક પટેલે જણાવ્યું હતું કે સુરત અને સૌરાષ્ટ્રના લોકોએ તો તેમનો પાવર બતાવી દિધો છે હવે ઉત્તર ગુજરાતનો વારો છે કે આ ભાજપને ઉખાડી ફેંકો.

વધુમાં હાર્દિક પટેલે જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રના યુવાનો ઉત્તર ગુજરાતના ગામડાઓ સાચવી લે અને ક્યાંય પણ ખોટુ ના થાય તેનું ધ્યાન રાખે. હાર્દિક પટેલે લોકોને હાંકલ કરી હતી કે હવે મહાપરીવર્તન કરવા લાગી પડો. ખેડૂતો, યુવાઓ, વેપારીઓ, મહિલાઓ તેમજ તમામ સમાજને અપીલ કરી હતી કે જનતાનો પાવર બતાવીને આપણી તાકાત બતાવીએ.

## પાટીદાર સમાજના ૧૪ યુવાનોની શહિદી માટે હાર્દિક જવાબદાર : આનંદીબેન

ગુજરાતની વિધાનસભાની ચૂંટણીમાં એક તબક્કાનું મતદાન પૂર્ણ થયું છે. ત્યારે બીજા તબક્કા માટે હવે માહોલ વધુ ગરમાયો છે. પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે નિવેદન આપ્યું છે કે પાટીદાર આંદોલનમાં ૧૪ યુવકોના મોત પાછળ હાર્દિક પટેલ જવાબદાર છે. જો હાર્દિકે આંદોલન કર્યું જ ના હોત તો તે યુવકોના મોત ન થયા હોત.



પાટીદાર સમાજ દ્વારા અનામત આંદોલન છેલ્લા બે વર્ષથી ચાલી રહ્યું છે. આ સમયે આંદોલન દરમિયાન અમદાવાદ ખાતે યોજાયેલી જીએમડીસી સભા બાદ હિંસા ફાટી નીકળી હતી જેમાં ૧૪ પાટીદાર યુવકોના મોત થયા હતા. આ યુવકોના મોત પાછળ હાર્દિક પટેલ અને પાસની ટીમ સરકારને જવાબદાર ગણાવી રહી છે. પાટીદાર આંદોલનકારીઓ ભાજપને હરાવવા માટે તેમના ભાષણમાં આ ૧૪ મૃતક યુવકોનો ઉલ્લેખ કરી તેમને ભાજપ સરકારે માર્યા છે તેવો આક્ષેપ કરી રહ્યા છે. આ ઘટના સમયે આનંદીબેન પટેલ મુખ્યમંત્રી હતા. રવિવારે જયારે તેમને પુછવામાં આવ્યું કે શું તેઓ ૧૪ પાટીદાર યુવકોના મોત માટે માફી માંગશે ? તેના જવાબમાં આનંદીબેને કહ્યુ હતું કે યુવકોના મોત માટે હાર્દિક પટેલ જવાબદાર છે. જો તેણે આંદોલન ન કર્યું હોત તો તે યુવકો ન મર્યા હોત.

આનંદીબેનના આ નિવેદન બાદ પાટીદારો દ્વારા તેમની સામે ભારે વિરોધ જોવા મળી રહ્યો છે. આ સાથે સોશિયલ મીડિયામાં પણ તેમના આ નિવેદનને પાટીદારો વખોડી રહ્યા છે. હવે જોવાનું રહેશે કે હાર્દિક પટેલ આ મુદ્દે શું કહે છે.

## કોંગ્રેસની સરકાર બનશે તો દસ દિવસમાં ખેડૂતો માટે પોલીસી બનાવાશે : રાહુલ ગાંધી

ગુજરાતમાં ભાજપ સરકારના ૨૨ વર્ષના શાસનનું સત્ય બહાર આવી ગયું છે, રાજ્યમાં ખેડૂતોને નર્મદાનું પાણી નથી મળતું અને ઉદ્યોગપતિઓને નર્મદાનું પાણી મળે છે. ગુજરાતમાં કોંગ્રેસની સરકાર આવશે એટલે ૧૦ દિવસમાં જ ખેડૂતો માટે ખાસ પોલીસી બનાવાશે તેમ કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ વિરમગામ ખાતે જણાવ્યું હતું.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી અતર્ગત ગુજરાત પ્રચાર માટે ગુજરાતના પ્રવાસે આવેલા કોંગ્રેસના રાહુલ ગાંધીએ વિરમગામની જાહેર સભામાં પીએમ નરેન્દ્ર મોદી અને ભાજપ સરકાર ઉપર જોરદાર પ્રહારો કર્યા હતા.

વિરમગામમાં રાહુલ ગાંધીએ જનસભાને સંબોધન કર્યું. રાહુલ ગાંધીએ વિરમગામની જનસભાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૨૨ વર્ષથી ભાજપનું શાસન છે પરંતુ તેમના વિકાસની વાતો પોકળ સાબિત થઈ છે તેનું સત્ય બહાર આવી ગયું છે. ભાજપ દ્વારા રાજ્યમાં કાઢવામાં આવેલી વિકાસ યાત્રા ફ્લોપ થઈ ગઈ છે.



રાહુલ ગાંધીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં ખેડૂતોને નર્મદાનું પાણી હજુ સુધી મળ્યું નથી, જયારે બીજી તરફ ઉદ્યોગપતિઓને રાતોરાત નર્મદાનું પાણી આપી દેવામાં આવે છે.

રાજ્યમાં ભાજપની સરકારે ખેડૂતોને પોષણક્ષમ ભાવો આપવાનો વાયદો કર્યો હતો. પરંતુ તેનો અમલ કરવામાં આવ્યો ન હતો. ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બનશે તો ફક્ત દસ દિવસમાં જ ખેડૂતો માટે પોલીસી બનાવવામાં આવશે.

રાહુલ ગાંધીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં ઓબીસી વર્ગ, દલિત વર્ગ, પાટીદાર વર્ગ સહિતનો સમગ્ર વર્ગ સરકારથી નારાજ છે. સરકારે સમાજના દરેક વર્ગના લોકોને નારાજ કર્યા છે.

રાહુલ ગાંધીએ પીએમ નરેન્દ્ર મોદી ઉપર સીધા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, મોદીજી કહે છે કે કોંગ્રેસ દેશમાંથી ખતમ થઈ ગઈ છે. તો મારે તેમને પૂછવું છે કે તો તમારા દરેક ભાષણોમાં કોંગ્રેસની કેમ વાતો કરો છો. રાહુલે વધુમાં કહ્યું હતું કે, કોંગ્રેસની સરકારે મનરેગા યોજના માટે રૂપિયા ૩૫ હજાર કરોડ ફાળવ્યા હતા. જયારે મોદીજી સીએમ હતા ત્યારે તેમણે ટાટા નેનો માટે ૩૩ હજાર કરોડ ફાળવ્યા હતા, પરંતુ ટાટા નેનો કાર રસ્તા ઉપર જોવા મળતી નથી.

રાહુલે ગુજરાતની ચૂંટણી અંગે જણાવ્યું હતું કે, આ ચૂંટણી કોંગ્રેસ કે ભાજપની માટેની નથી, પરંતુ ગુજરાતના ભવિષ્ય માટેની ચૂંટણી છે. મોદીજી તમે ગુજરાતના ભવિષ્ય વિષે કઈક તો બોલો.

મોદીજી તેમના ભાષણોમાં ગુજરાતના ભવિષ્યના બદલે મોદીજી મોદીજીની જ વાતો કરે છે. મોદીજી પોતાની વાતો છોડીને ગુજરાતના ભવિષ્ય વિષે પણ કઈ કહો તેવો કટાક્ષ રાહુલ ગાંધીએ પીએમ મોદી ઉપર કર્યો હતો.

## અમદાવાદમાં ભાજપ-કોંગ્રેસના રોડ-શોને મંજુરી નહિ

કાયદો બધાં માટે સરખો છે. આમ ભલે આપણે કહેતા હોય પણ વાસ્તવમાં એવું થતું નથી. કાયદાનો જેમણે અમલ કરાવવાનો હોય, તે સામે કોણ છે તે જાણીને પછી કાયદાનું અર્થઘટન કરતો હોય એવું અનેક કિસ્સામાં જોવા મળે છે. પણ અમદાવાદ પોલીસે આ મામલે નોખો ચિલો ચાતર્યો છે. અમદાવાદ પોલીસ કમિશ્નર એ કે સિંગે રાહુલ ગાંધીને રોડ શો યોજવાની પરવાનગી આપી નથી. તેની સાથે તેમણે પીએમ મોદીને પણ રોડ શો યોજવાની પરવાનગી આપી નથી. હાર્દિક પટેલને પણ રોડ શો યોજવાની પરવાનગી આપવામાં આવી નહોતી.



ઉલ્લેખનિય છે કે તારીખ ૧૨મી ડિસેમ્બરે નરેન્દ્ર મોદી અમદાવાદના ધરણીધર વિસ્તારથી શરૂ કરીને બાપુનગર સુધી રોડ શો યોજવાના હતા. તેવી જ રીતે કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પણ મેમ્કો વિસ્તારમાં રોડ શો અને સભા કરવાના હતા. પણ અમદાવાદ પોલીસ કમિશ્નરે ભાજપ અને કોંગ્રેસને મંજૂરી ન આપતા અરજી કાઢી નાંખી હતી. આ અંગે કારણ જણાવતા એમણે કહ્યું હતું કે રોડ શોને કારણે શહેરની ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ જશે. એક જ દિવસે ત્રણેયની રેલી યોજાવાની હોવાથી અમદાવાદમાં જાહેર શાંતિને અસર થઈ શકે તેમ હતી. તેમજ સોમવાર ચાલુ દિવસ હોવાને કારણે નોકરિયાત કે કામકાજે જતાં વર્ગને હાલાકી ન વેંઠવી પડે તે હેતું હતો. આ ઉપરાંત રોડ શો શહેરના સંવેદનશીલ વિસ્તારમાંથી પસાર થતો હોવાને કારણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પણ બગડી શકે તેવી આશંકા પણ હતી.

ઉલ્લેખનિય છે કે રાહુલ ગાંધીનો રોડ શો યોજવા પરવાનગી ન મળી હોય તેવું અનેક વાર બન્યું છે. પીએમ મોદીને રોડ શો યોજવા પરવાનગી ન મળી હોય તેવું પહેલી વાર બન્યું છે.

૧૯૮૫ બેચના આઈપીએસ અધિકારી એ કે સિંગ ઘણો સમય સાઈડ લાઈન રહ્યાં, પણ સાંપ્રત સમયમાં એક પ્રમાણિક ઓફિસરની જરૂરિયાત ઉભી થતાં તેમને આ હોદ્દા પર બેસાડવામાં આવ્યા છે. તેમણે સમયને અનુરૂપ નિર્ણય લઈ પીએમ મોદીને સુરક્ષાના કારણોસર રોડ શો યોજતા અટકાવ્યા છે.

## ભાજપ સત્તા પર આવશે તો વજુભાઈ વાળા મુખ્યમંત્રી

ગુજરાત ભાજપ સામે અનેક પ્રતિકુળ સ્થિતિઓ હોવા છતાં ભાજપના નેતાઓ માની રહ્યા છે કે ગુજરાતમાં ભાજપની સરકારને પ્રજા ફરી એક વખત તક આપશે. મિશન ૧૫૦ સફળ ના થાય તો પણ ભાજપ ૧૦૦નો આંકડો પાર કરી સત્તા જાળવી રાખશે તેવી ભાજપીઓને આશા છે. જો ભાજપને ફરી સત્તા મળે તો કોણ થશે નવા મુખ્યમંત્રી તે માટે દિલ્હી ખાતે નિર્ણય લેવામાં આવી ગયો છે. જેના સંદર્ભમાં કર્ણાટકના રાજ્યપાલ વજુભાઈ વાળાને પડતર ફાઈલોનો નિકાલ ૧૭ ડિસેમ્બર સુધી કરી દેવાની સુચના આપવામાં આવી છે.



નરેન્દ્ર મોદી વડાપ્રધાન થયા પછી મુખ્યમંત્રી થવા માટે લાયક અને દાવેદાર વજુભાઈ વાળાને ગુજરાતમાં ખસેડી રાજ્યપાલ બનાવી દેવામાં આવ્યા હતા, પણ ગુજરાતમાં કથળતી સ્થિતિને સુધારો કરવા માટે ઓબીસી નેતા વજુ વાળાને પાછા ગુજરાતમાં લાવી તેમને મુખ્યમંત્રીનો તાજ પહેરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દક્ષિણ ભારતના મીડિયા હાઉસ ઈનાડુ ઈન્ડીયા દ્વારા એક સમાચાર દ્વારા આ પ્રકારનો દાવો કરવામાં આવ્યો છે કે ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે વજુ વાળાના નામ ઉપર ભાજપ હાઈકમાન્ડે મહોર મારી દીધી છે અને જે અંગે ગુજરાતના વર્તમાન મુખ્યમંત્રી વિજય રૂપાણીને પણ સુચના આપી દેવામાં આવી છે.

## એનઆરઆઈ એક ટીમ ગુજરાતમાં ભાજપનો પ્રચાર કરવા આવી પહોંચી

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનો પ્રચાર કરવા માટે લગભગ ૬૦ જેટલા એનઆરઆઈનું સમુહ રાજ્યમાં આવી પહોંચ્યું છે. તેઓ લોકોને નરેન્દ્ર મોદીનો સપોર્ટ કરવાની અપીલ કરી રહ્યા છે. આ પ્રવાસીઓએ જણાવ્યું કે, તે પોતાના ખર્ચા પર ગુજરાત આવ્યા છે. આ લોકોમાં ડોક્ટર અને ફાર્માસિસ્ટથી લઈને બિઝનેસમેન શામેલ છે. મોદીએ



વિદેશમાં રહેતા ભારતીયોને એક ઓળખ આપી છે.

તેમણે હિન્દુત્વથી લઈને યોગ સુધી, અને પોતાની રહેણી-કરણીથી જે રીતે ભારતની સંસ્કૃતિને દુનિયાભરમાં રજુ કરી છે, તેનાથી અમને લોકો માનથી જુએ છે. તેઓનું કહેવું છે કે અમે લોકોને અપીલ કરીશું કે તેઓ નરેન્દ્ર મોદીને સપોર્ટ કરે. જ્યારે અમે મોટા થઈ રહ્યા હતા ત્યારે ગુજરાતમાં ઘણી મુશ્કેલીઓ હતી. નરેન્દ્રભાઈએ ગુજરાતને કાસ્ટ પોલિટિક્સ અને પછાતપણાથી બહાર નીકાળ્યું છે.

## સ્કીલ ડેવલપમેન્ટમાં સરકારનો આશય સારો પરંતુ યુવાનો નોકરીના બહાને લૂંટાઈ રહ્યાં છે

સરકારના નામે લોકોને ઉલ્લુ બનાવવાની યોજનાઓ દેશભરમાં શરૂ થઈ છે. ગુજરાતમાં પણ આવી યોજનાઓ હતી. રૂપિયા આપીને નોકરી મેળવવાની યોજનાઓ માન્યામાં આવતી નથી છતાં એવી સંસ્થાઓ સરકારની આડમાં કેટલાક એવા ધંધા શરૂ કરી દીધી છે કે જેમાં દેશ અને

### ગુજરાતમાં પણ તાલીમ આપતી ત્રણ મોટી યોજનાઓ શરૂ કરવામાં આવી હતી

રાજ્યનો યુવાન લૂંટાઈ રહ્યો છે. જ્યારે મોટો હોબાળો થાય અને તપાસનીશ સંસ્થાઓ કૌભાંડ બહાર પાડે એટલે તપાસ સમિતિ બનાવીને આખા પ્રકરણને રફે-દફે કરી દેવામાં આવે છે.

ગુજરાત સરકાર અને ભારત સરકારે સ્કીલ ડેવલપમેન્ટની અનેક યોજનાઓ શરૂ કરી છે, જે યુવાનો માટે સારી બાબત છે. સરકારના પ્રયાસો સરાહનિય છે. સરકારનો આશય એવો હોય છે કે જેવી નોકરી તેવી સ્કીલ હશે તો યુવાનોને ઝડપથી નોકરી મળી જશે પરંતુ દેશ અને રાજ્યમાં એવી એજન્સીઓ પણ ફુટી નિકળી છે કે સરકારના નામે તેમનો વહીવટ કરી જાય છે.

ગુજરાતમાં સરકારી કર્મચારીઓ માટે કર્મયોગી, અંગ્રેજી શિખવા માટેના સ્કોપ કોર્સ અને તાલીમબદ્ધ માનવબળ પુરૂ પાડવા સ્કિલ ડેવલપમેન્ટના નામે નોકરીવાંછું યુવાનોને લૂંટતી સરકારી યોજનાઓના કૌભાંડો પર પડદો પડી ગયો છે ત્યારે વડાપ્રધાન કૌશલ્ય વિકાસ યોજનાના નામે ફરી એકવાર મોટું કૌભાંડ બહાર આવ્યું છે. ગુજરાતમાં સરકાર માન્ય સંસ્થા હોવાનું બોર્ડ મારીને કૌભાંડો કરવામાં આવે છે તેમ વડાપ્રધાનની યોજનામાં પણ સરકાર માન્યના બોર્ડ મારીને મોટા કૌભાંડો કરવામાં આવ્યા છે.

વડાપ્રધાન કૌશલ્ય વિકાસ યોજનાનાં નામે ઘણા શહેરોમાં ફ્રોડ થઈ રહ્યા છે. ઘણી પ્રાઈવેટ સંસ્થાઓ યુવાનોને ટ્રેનિંગ આપવાનાં નામે માત્ર બિનકાયદેસર વસુલી કરી રહી છે પરંતુ તેને સરકારી પ્રાઈવેટ કંપનીઓમાં નોકરી આપવાની લાલચ પણ આપી રહી છે. મિનિસ્ટ્રી ઓફ સ્કિલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રેન્યરશિપ આ આશયની ફરિયાદ મળી છે. મિનિસ્ટ્રીએ એનએસડીસી (નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન)ને કાર્યવાહી કરવા માટે કહ્યું છે.




ગુજરાત સરકારે સ્કીલ ડેવલપમેન્ટમાં મોટું કામ કર્યું હોવાની અગાઉ જાહેરાત કરી હતી પરંતુ કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા (કેગ)ના અહેવાલમાં આ જાહેરાતોની સામે કામ ન થયાં હોવાની વિગતો બહાર આવી હતી અને લાખોનાં સ્થાને માત્ર હજારોની સંખ્યામાં જ યુવાનોને સ્કિલ ડેવલમેન્ટ હાથ ધરવાની કામગીરી થઈ છે.

### પ્રાઇમ મિનિસ્ટર સ્કીલ ડેવલપમેન્ટ યોજનામાં એજન્સીઓ રૂપિયા પડાવી રહી છે

રાજ્યના તત્કાલીન મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ૨૦૧૦માં મળેલી બેઠકમાં ગુજરાતમાં સ્કીલ ડેવલપમેન્ટ મિશન (જીએસડીએમ)એ સ્કીલ ડેવલપમેન્ટ માટે ખાસ નીતિ ઘડવાનું નક્કી કરાયું હતું તેમ છતાં ૨૦૧૫ સુધી કોઈ નીતિ બનાવવામાં આવી ન હતી. ઓડિટમાં એવી પણ વિગતો બહાર આવી હતી કે, રાજ્યમાં વર્ષ ૨૦૧૦થી ૨૦૧૫ દરમિયાન કુલ ૯૭ જેટલી નવી આઈટીઆઈ સ્થપાઈ હોવા છતાં તેમાંથી બહાર પડનારા તાલીમાર્થીઓની સંખ્યામાં કોઈ વધારો નોંધાયો ન હતો.

### તાલીમ પછી નોકરી માટે રૂપિયા ખર્ચવાના હોય તો તાલીમનો અર્થ રહેતો નથી

રાજ્યમાં રૂરલ અને અર્બન એવાં ૫૦૦ જેટલાં કૌશલ્યવર્ધન કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા હતા, જેમાં વર્ષ ૨૦૧૦-'૧૫માં કુલ ૭.૮૩ લાખ યુવાઓએ તાલીમ લીધી હતી પરંતુ એવું બહાર આવ્યું હતું કે કૌશલ્યવર્ધન કેન્દ્રોના તાલીમાર્થીઓમાંથી નવ ટકા યુવાનો રોજગારી મેળવી શક્યા હતા અને આમ થવા પાછળનું કારણ એ હતું કે મોટા ભાગના કોર્સ સિઝનલ કે હંગામી પ્રકારના હતા.

હવે ઘણી સંસ્થાઓ વડાપ્રધાન કૌશલ વિકાસ યોજનાનાં નામે સરકારી નોકરીઓ પણ ઓફર કરી રહી છે અને એપ્લાઈ કરનારા લોકોને ઓફર લેટર મોકલીને તેમની પાસેથી ડોક્યુમેન્ટ તૈયાર કરવા અથવા વેરિફિકેશનનાં નામે હજારો રૂપિયા વસુલી રહી છે. આ સંસ્થાઓને વિવિધ મંત્રાલયો અને વિભાગનાં લોકો સાથે પણ સાંઠગાંઠ હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. મિનિસ્ટ્રીને પહોંચેલી ફરિયાદનાં આધારે નેશનલ સ્કિલ ડેવલપમેન્ટે પોતાની વેબસાઈટ પર ચેતવણી ઈશ્યુ કરી છે.

આ ચેતવણીમાં આ સંસ્થાઓ દ્વારા ઈશ્યુ કરવામાં આવેલા નકલી સર્ટિફિકેટની કોપી પણ અપલોડ કરવામાં આવી છે. એવી એક ફરિયાદ મિનિસ્ટ્રીને મળી છે કે એક સંસ્થાએ ડીડી કિસાન ચેનલનાં કથિત લેટરહેડ પર એક યુવકને કિસાન પત્રકાર બન્યો હોવાનો ઓફર લેટર મોકલી આપ્યો હતો. આ પત્રમાં કહેવામાં આવ્યું છે કે તમને માસિક વેતન ૩૨૫૦૦ રૂપિયા આપવામાં આવશે. આ પત્રની સાથે મોકલાયેલા બીજા પત્રમાં કહેવામાં આવ્યું કે ભરતી પહેલા તેમને વડાપ્રધાન કૌશલ વિકાસ યોજના હેઠળ પત્રકારિતાનું શિક્ષણ આપવામાં આવશે, જેની ફી ૧૨૮૦૦ રૂપિયા છે. યુવકને આ ફી એક બેંક ખાતામાં જમા કરાવવા માટે કહેવામાં આવ્યું છે.

આ પ્રકારે એક અન્ય નોટીસમાં જણાવાયું છે કે કેટલીક સંસ્થાઓ સરકાર નોકરીઓ આપવાનાં બહાને પહેલા ટ્રેનિંગની લાલચ આપી રહી છે. સંસ્થાઓ જાહેરાત આપી લોકોને એપ્લાય કરવા માટે કહી રહી છે. અરજદારોની ટ્રેનિંગ દરમિયાન તેમને લેપટોપ આપવામાં આવશે અને મોડર્ન મશીન પર કામ કરાવવામાં આવે. જેની સિક્યોરિટી માટે ૧૫૫૫૦ રૂપિયા જમા કરાવવા માટે કહેવામાં આવે છે. હવે આ નવા પ્રકારનું સ્કીલ ડેવલપમેન્ટનું કૌભાંડ આકાર લઈ રહ્યું છે અને તેમાં દેશના યુવાનો છેતરાઈ રહ્યાં છે.